**ફોજદારી કેસ નંબર :–29827/2018**

**મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૩, મુ.અમદાવાદ.**

**–: આંક – ૧ લગત હુકમ :–**

**૧.** આજરોજ કેસ રેકર્ડને ધ્યાને લેતાં સદર કેસ સમન્સ ટ્રાયેબલ છે. આરોપી વિરૂધ્ધ સમન્સ / વોરન્ટ ઈશ્યુ કરવા છતાં તે બજે અથવા વગર બજે પરત કરેલ નથી.

**૨.** ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પત્ર નં. GSLSA/1297/2018, dt. 18-08-2018 અનુસંધાને આજરોજ લોકઅદાલતમાં સ્પેશિયલ સીટીંગનું આયોજન કરી, કેસોનો નિકાલ કરવાનું જણાવવામાં આવેલ છે.

**કલમ :– ૨૫૮. કેટલાક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા :–**

ફરીયાદ પરથી દાખલ થયેલા હોય તે સિવાયનો કોઈ સમન્સ કેસમાં પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની પૂર્વમંજુરીથી અન્ય કોઈ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ધોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈપણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુકત કરતો ચુકાદો ધોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમતે મુકત કરવામાં આવે, તેવી અસર થશે.

**૩.** આમ, આ કલમ વંચાણે લેતાં સ્પષ્ટ છે કે, ફરીયાદ પરથી દાખલ થયેલાં હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમાં આ અદાલતને ચુકાદો ધોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈપણ તબકકે કાર્યવાહી બંધ રાખવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી મુકત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે અને આવા છૂટકારાથી બિન–તહોમત મુકત કરવામાં આવે, એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જયારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુકત કરવામાં આવે, ત્યારે બિન–તહોમત મુકત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ ૩૦૦(૧) અને (૫) નો બાધ આવશે નહિ. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રીવાઈવ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

**૪.** આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનું સમગ્ર ચાર્જશીટ ધ્યાનમાં લેતાં સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરિયાદ કલમ–૨(ધ) પરથી શરૂ થયેલ નથી. રેકર્ડ જોતાં કેટલાક આરોપીઓએ ગુનો કબુલ કરી દીધેલ છે અને બાકીના આરોપીઓ પુરતો કેસ ચાલુ હોય પરંતુ વારંવાર સમન્સ તથા વોરંટ કાઢવા છતાં આરોપીઓ મળી આવતાં નથી. હાલનો કેસ ઘણો જુનો છે. વળી, રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં, આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે, તેવી શકયતા જણાતી ના હોઈ તે જોતાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયના હિતમાં ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**"હુકમ"**

હાલનો કેસ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ બંધ રાખી, આરોપીને છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે મુદ્દામાલ અંગે અગાઉ કરેલ વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે, અન્યથા કબજે કરેલ મુદ્દામાલ અનુસંધાને ક્રિમીનલ મેન્યુઅલ મુજબ કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ તારીખ ૮ માહે સપ્ટેમબર સને ૨૦૧૮ ના દિને ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૦૮–૦૯–૨૦૧૮.
અમદાવાદ.

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.
Code No.**GJ00862**